











# તમારું શહેર. તમારો મત.
# ઓક્ટોબર 22


**toronto.ca/elections**


TORONTO

Call 3 1 1







# વૉર્ડમાં ફેરફારો

2018ની મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે વૉર્ડની હદોમાં ફેરફારો થયા છે. 1 ડિસેમ્બર 2018ના રોજ જ્યારે કાઉન્સિલની ટર્મ શરૂ થાય ત્યારે આ ફેરફારો અમલી બનશે. વૉર્ડની હદોને વધુ સારી રીતે સમજવા માટે તમે:

- ક્યા વૉર્ડમાં મત આપશો અને તમારા વૉર્ડમાં કોણ ઉભું રહ્યું છે તે તપાસવા માટે માય વોટ [MyVote (toronto.ca/elections/myvote)]નો ઉપયોગ કરી શકો છો
- વૉર્ડના નક્શા અને મતદાનમથકો જોઈ શકો છો

અમારી વેબસાઈટ toronto.ca/elections પર જઈને અથવા 416-338-1111 પર અમને કૉલ કરીને વિગતો મેળવી શકાશે.

# MyVote

MyVoteમાં તમને જોઈતી તમામ જાણકારી છે. MyVoteના ઉપયોગની શરૂઆત કરવા માટે તમારું ટૉરન્ટોનું સરનામું દાખલ કરો અને:

- તમારો વૉર્ડ અને નક્શો શોધો
- તમારા વૉર્ડમાં ઊભા રહેલા ઉમેદવારો જુઓ
- તમારું નામ મતદાર યાદીમાં છે કે નહિ તે જાણો
- તમારી માહિતી મતદાર યાદીમાં ઉમેરો અથવા અપડેટ કરો (1 ઑક્ટોબર સુધી)
- ક્યાં અને ક્યારે મત આપવો તે જાણો
- તમારું મતદાર માહિતી કાર્ડ જુઓ અને પ્રિન્ટ કરો
- તમારા મતદાનમથક વિશે પહોંચવાની માહિતી શોધો (1 ઑક્ટોબરથી શરૂ કરીને)
- તમારા બેલટનો નમૂનો જુઓ (1 ઑક્ટોબરથી શરૂ કરીને)

મતદાનમથકો ફેરફારને આધીન છે, તેથી કૃપા કરીને તમે મત આપવા જાઓ તે પહેલાં માયવોટ (MyVote) તપાસો.

**તે એક ઑનલાઈન ટૂલ છે, જ્યાં મત આપવા માટે તમને જોઈતી તમામ માહિતી તમે મેળવી શકો છો.**

**toronto.ca/elections/myvote**

# મતદાનની તકો

## કોણ મત આપી શકે?

તમે ટૉરન્ટો મ્યુનિસિપલ ચૂંટણીમાં મત આપી શકો છો, જો તમે:

- એક કૅનેડિયન નાગરિક હો; અને
- ઓછામાં ઓછા 18 વર્ષની ઉંમરના હો; અને
- ટૉરન્ટો શહેરના રહીશ હો; અથવા
- ટૉરન્ટો શહેરમાં રહેતા ન હો, પરંતુ તમે અથવા તમારાં જીવનસાથી શહેરમાં મિલકતના માલિક હો અથવા મિલકત ભાડે આપી હોય; અને
- કોઈપણ કાનૂન હેઠળ મતદાન કરવા પર મનાઈ ફરમાવવા ન આવી હોય.

શહેરની અંદર તમે ગમે તેટલી મિલકતોના માલિક હો અથવા તે ભાડે આપી હોય, પરંતુ ટૉરન્ટોની મ્યુનિસિપલ ચૂંટણીમાં **તમે માત્ર એક જ વખત મત આપી શકો. તમે જ્યાં રહેતા હો તે વૉર્ડમાં જ તમારે મત આપવો જોઈએ.**

## ચૂંટણીનો દિવસ

સોમવાર, 22 ઑક્ટોબર, 2018, સવારે 10 થી રાત્રે 8 વાગ્યા સુધી.

## આગોતરું મતદાન

બુધવાર, 10 ઑક્ટોબરથી રવિવાર, 14 ઑક્ટૉબર સવારે 10 થી સાંજે 7 વાગ્યા સુધી.

તમારા આગોતરા મતદાનમથકો તમારા મતદાર માહિતી કાર્ડ પર દેખાશે અથવા MyVoteનો ઉપયોગ કરીને તમે તે શોધી શકો છો.

તમારું મતદાર માહિતી કાર્ડ પ્રિન્ટ કરવા માટે MyVoteનો ઉપયોગ કરો અથવા જ્યારે તમે મત આપવા જાઓ ત્યારે તમારા મોબાઈલ ડિવાઈસ પર તે બતાવો.

## સિટી હૉલ

બુધવાર, 10 ઑક્ટોબરથી રવિવાર, 14 ઑક્ટૉબર સવારે 10 થી સાંજે 7 વાગ્યા સુધી.

તમે ટૉરન્ટોમાં ગમે ત્યાં રહેતા હો, આગોતરા મતદાન દરમિયાન તમે Toronto City Hall, 100 Queen Street W. ખાતે મત આપી શકો છો.

## ઓળખ (આઈડી)

મત આપવા માટે તમારે એવું ઓળખપત્ર બતાવવાનું રહેશે જેના પર તમારું નામ અને ટૉરન્ટોનું માન્ય સરનામું હોય.

**મતદાનના દિવસોએ મોટી કતારોમાં ઊભા રહેવાનું ટાળો. મતદાર યાદીમાં નોંધણી કરાવો અને તમારું મતદાર ઓળખ કાર્ડ લેતા આવો.**

# મતદાર યાદીમાં નોંધણી કરાવો

તમારી માહિતી સાચી છે કે નહિ તેની ખરાઈ કરવી જરૂરી છે, ખાસ કરીને જો તમે સ્થળાંતર કર્યું હોય અથવા છેલ્લી ચૂંટણી પછી તમારા નામમાં ફેરફાર કર્યો હોય. ટૉરન્ટો શહેરના મતદારોની યાદીમાં હોવાનો અર્થ એ છે કે તમને એવું મતદાર માહિતી કાર્ડ મળશે, જે મતદાન મથક પર તમારો સમય બચાવશે.

TORONTO
89 Northline Road
Toronto, ON
M4B 3G1

| મ્યુનિસિપલ ચૂંટણીઓ | |
|---|---|
| વૉર્ડ: 1 | પેટાવિભાગ: 24 |

Canada Postes Post Canada
Lettermail
Poste-lettres
7102858

VOTE
October 22
toronto.ca/elections

9345678

માન્ય સરનામાના સંદર્ભમાં

| આગોતરું મતદાન | |
|---|---|
| 10થી 14 ઑક્ટોબર, 2018 – સવારે 10થી સાંજે 7 વાગ્યા સુધી. | |
| એક સ્થળે મતદાન કરો | Toronto City Hall, 100 Queen St., W.<br>Example Community Centre, 123 Example Rd<br>Example Recreation Centre, 231 Example Dr |

| ચૂંટણીનો દિવસ | |
|---|---|
| સોમવાર, 22 ઑક્ટોબર, 2018 – સવારે 10થી રાત્રે 8 વાગ્યા સુધી. | |
| મતદાનમથક | General Public School – GYM<br>2345 LongDrive Street |
| તમારો સ્કૂલ સપોર્ટ નીચે પ્રમાણે સૂચિત છે: ફ્રેન્ચ કૅથલિક | |

જ્યારે તમે મત આપવા જાઓ ત્યારે તમારું મતદાર માહિતી કાર્ડ સાથે લઈ જાઓ.

17 સપ્ટેમ્બરથી શરૂ કરીને ટૉરન્ટો શહેર મતદારયાદીમાં સુધારાઓનો સ્વીકાર કરશે.

- તમે **416-338-1111** પર કૉલ કરીને મતદારયાદીમાં સામેલ છો કે નહિ તે ચેક કરી શકો છો.
- તમે સિટી ક્લર્કની કોઈ પણ ઑફિસે રૂબરૂમાં આવીને અથવા **416-338-1111** પર કૉલ કરીને મતદારયાદીમાં સુધારાની અરજી પૂરી કરીને તમારી માહિતીમાં ઉમેરો કે સુધારો કરાવી શકો છો.
- ચૂંટણીના આખરી દિવસે મતદારયાદીમાં તમારું નામ દેખાય તે માટે 14 ઑક્ટોબર સુધીમાં તમામ સુધારાઓ પૂરા કરવાના રહેશે. આ તારીખ પછી તમે જ્યારે 22 ઑક્ટોબરના રોજ મત આપવા જાઓ ત્યારે મતદાનમથકે પોતાનું નામ ઉમેરાવી શકો છો.

**17 સપ્ટેમ્બરથી 1 ઑક્ટોબર સુધી MyVoteનો ઉપયોગ કરીને તમે તમારી માહિતી તપાસો, ઉમેરો અથવા તેમાં ફેરફાર કરો.**

નીચેની બાબતો માટે MyVote (toronto.ca/elections/myvote)નો ઉપયોગ કરો:

- તમારું નામ મતદાર યાદીમાં છે કે નહિ તે જોવા માટે
- મતદારયાદીમાં તમારું નામ ઉમેરવા માટે
- તમારી મતદાર માહિતીમાં ફેરફાર કરવા માટે

**યાદ રાખો: જ્યારે તમે મત આપવા જાઓ ત્યારે આઈડી લેતા આવો તે જરૂરી છે, પછી ભલે તમે મતદારયાદીમાં પોતાનું નામ ઉમેરાવ્યું હોય.**

# મતદારો માટેની સગવડો

## મતદાનમથકો

તમામ મતદાનમથકો પ્રવેશનીય હશે અને દરેક મથક વિષેની માહિતી અમારી વેબસાઈટ toronto.ca/elections/voters પર ઉપલબ્ધ હશે.

## મતદાન માટે સુલભ ઉપકરણ

મતદાર સહાયતા ટર્મિનલ એ બેલટ નિશાન કરવાનું સાધન છે જેનાથી વિકલાંગ મતદારો અને અન્ય વિશેષ જરૂરિયાતવાળા મતદારો પોતાના બેલટ પર ખાનગી રીતે અને સ્વતંત્રપણે નિશાન કરી શકે છે. તેની વિશિષ્ટતાઓમાં ટચસ્ક્રીન, ઑડિયો કમ્પોનન્ટ, બ્રેઈલ કીપૅડ, સિપ/પફ ટ્યૂબ ડિવાઈસ, રૉકર પેડલ/ફૂટ સ્વિચ અને ફૉન્ટ સાઈઝ તથા કલર કૉન્ટ્રાસ્ટમાં ફેરફાર કરવા માટે ઝૂમ ફીચર્સનો સમાવેશ થાય છે.

આગોતરા મતદાન માટેના તમામ સ્થળોએ મતદાર સહાયતા ટર્મિનલ ઉપલબ્ધ બનશે. જો તમારે ચૂંટણીના દિવસે મતદાર સહાયતા ટર્મિનલનો ઉપયોગ કરવાની જરૂર પડે અને તે તમારા નિર્ધારિત મતદાનમથક પર આવેલું ન હોય તો તમે 416-338-1111 પર કૉલ કરીને તમારું બૅલટ ટ્રાન્સફર કરાવવાની વિનંતી કરી શકો છો.

## પ્રૉક્સી મતદાન

જો તમે કોઈ પણ કારણસર મતદાનના ઉપલબ્ધ દિવસો પૈકીના કોઈ પણ દિવસે મત આપી શકો તેમ ન હો તો વોટિંગ પ્રૉક્સી અપોઈન્ટમેન્ટ ફૉર્મ ભરીને તમે પોતાના તરફથી મત આપવા માટે કોઈ પ્રૉક્સીની નિમણૂક કરી શકો છો.

વોટિંગ પ્રૉક્સી અપોઈન્ટમેન્ટ ફૉર્મ ચૂંટણીના દિવસ સુધી સિટી ક્લર્કની કોઈ એક ઑફિસેથી મેળવી શકાશે અને પ્રમાણિત કરાવી શકાશે. વધુ માહિતી ઈલેક્શન સર્વિસીઝની વેબસાઈટ: toronto.ca/elections/voters પરથી મળી શકે છે.

## અન્ય સેવાઓ

- કેવી રીતે મતદાન કરવું તે અંગેની સૂચનાઓ તમામ મતદાન મથકોએ બ્રેઈલ અને 26 ભાષાઓમાં ઉપલબ્ધ થશે.
- નબળી દૃષ્ટિ ધરાવતા મતદારોને મદદ કરવા માટે તમામ મતદાનમથકો પર મૅગ્નિફિકેશન શીટ્સ ઉપલબ્ધ હશે.
- જો તમે સ્વયં મતદાનમથકમાં પ્રવેશી શકો તેમ ન હો તો મતદાનમથકમાં જ અન્ય કોઈ વિસ્તાર ખાતે સહાયતા કરવામાં આવે એવી વિનંતી તમે કરી શકો છો. દાખલા તરીકે, પાર્કિંગ લૉટ અથવા ફૂટપાથની કિનારી પાસે. વધુ માહિતી માટે 416-338-1111 પર કૉલ કરો.
- 416-338-OTTY (0889) પર TTY લાઈન પર કૉલ કરીને બધિર અથવા સાંભળવામાં મુશ્કેલી પડતી હોય એવા લોકો માટે ચૂંટણીની માહિતી ઉપલબ્ધ છે.
- જો તમે જાતે તમારા બૅલટ પર નિશાન કરી શકો તેમ ન હો તો મદદ માટે તમે તમારા મિત્રને સાથે લાવી શકો છો અથવા તમે ચૂંટણી અધિકારી પાસે મદદ માગી શકો છો.
- તમામ મતદાનમથકો સહાયક વ્યક્તિઓ અને સર્વિસ ઍનિમલ્સના ઉપયોગને આવકારે છે.

જો આમાંથી કોઈ પણ સગવડો તમારી જરૂરિયાત પૂરી કરતી ન હોય તો કૃપા કરીને 416-338-1111 પર અમને કૉલ કરો.

**જો તમને મતદાન કરવામાં કોઈ અવરોધ નડતો હોય તો 416-338-2020 પર અમારો સંપર્ક કરો.**

# ઓળખના સ્વીકાર્ય પુરાવા

જ્યારે તમે મત આપવા જાઓ ત્યારે ઓળખ (આઈડી)નો પુરાવો હોવો જરૂરી છે. તમારું નામ અને ટૉરન્ટોનું માન્ય સરનામું દર્શાવતું એક ઓળખપત્ર લાવવાનું યાદ રાખશો. આઈડીના એક દસ્તાવેજ તરીકે તમારા મતદાર માહિતી કાર્ડનો ઉપયોગ થઈ શકશે નહિ.

## સ્વીકાર્ય આઈડીનાં ઉદાહરણો:

- ઑન્ટારિયોમાં જારી કરાયેલ ફોટો કાર્ડ, ડ્રાઈવર્સ લાયસન્સ અથવા મોટર વ્હીએકલ પરમિટ (વાહનનો ભાગ).
- રદ કરેલો વ્યક્તિગત ચેક, ક્રેડિટ કાર્ડ અથવા બેન્ક ખાતાનું સ્ટેટમેન્ટ.
- હાઈડ્રો, ટેલિફોન કે કેબલ ટીવી, પાણી, ગૅસ માટેનું યુટિલિટી બિલ અથવા પબ્લિક યુટિલિટિઝ કમિશન તરફથી એક બિલ.
- નિયોજકે જારી કરેલી ચેકની રસીદ, T4 સ્ટેટમેન્ટ અથવા પગારની રસીદ.
- ઑન્ટારિયો વર્ક્સ (Ontario Works) અથવા ઑન્ટારિયો વિકલાંગ સહાયતા યોજના (Ontario Disability Support Program) માટે ડાયરેક્ટ ડિપોઝિટનું સ્ટેટમેન્ટ.
- મિલકત વેરાની આકારણી, આવકવેરા આકારણીની નોટિસ, ચાઈલ્ડ ટૅક્સ બૅનિફિટ સ્ટેટમેન્ટ.
- મોર્ગેજ સ્ટેટમેન્ટ, લીઝ અથવા ભાડા કરાર.
- ઉચ્ચ માધ્યમિક શાળા તરફથી જારી કરાયેલ ટ્રાન્સ્ક્રિપ્ટ અથવા રિપોર્ટ કાર્ડ.
- કૅમ્પસ રહેઠાણ દર્શાવતો દસ્તાવેજ, જે ઉચ્ચ માધ્યમિક સંસ્થા ખાતે વિદ્યાર્થીના રહેઠાણ માટે જવાબદાર કાર્યાલય કે અધિકારીઓ દ્વારા જારી કરાયેલ હોય.
- કેનેડા, ઑન્ટારિયોની સરકાર અથવા ઑન્ટારિયોની મ્યુનિસિપાલિટી તરફથી જારી કરવામાં આવેલ અન્ય કોઈ પણ દસ્તાવેજ ઑન્ટારિયોની અદાલત દ્વારા જારી કરાયેલ કે પ્રમાણિત કરવામાં આવેલ દસ્તાવેજ.
- ઈન્ડિયન એક્ટ (કેનેડા) હેઠળ સ્થાપિત ઑન્ટારિયોની બૅન્ડ કાઉન્સિલ તરફથી જારી કરાયેલ કોઈ પણ દસ્તાવેજ.
- વીમા પૉલિસી અથવા વીમાનુ સ્ટેટમેન્ટ.
- નાણાકીય સંસ્થા સાથેનો લોન કરાર અથવા અન્ય કોઈ નાણાકીય કરાર.
- રોજગાર વીમાના લાભો ચૂકવ્યા હોવાનું સ્ટેટમેન્ટ T4E.
- ઓલ્ડ એજ સિક્યૉરિટિ (Old Age Security)નું સ્ટેટમેન્ટ T4A (OAS), કેનેડા પેન્શન પ્લાન બૅનિફિટ્સ (Canada Pension Plan Benefits) T4A (P), કેનેડા પેન્શન પ્લાન સ્ટેટમેન્ટ ઑફ કન્ટ્રિબ્યૂશન્સ (Canada Pension Plan Statement of Contributions).
- વર્કપ્લેસ સેફ્ટી ઍન્ડ ઈન્સ્યોરન્સ બોર્ડ સ્ટેટમેન્ટ ઑફ બૅનિફિટ્સ (Workplace Safety and Insurance Board Statement of Benefits) T5007.
- CNIB કાર્ડ અથવા અન્ય રજિસ્ટર્ડ ચૅરિટેબલ સંસ્થાનું કાર્ડ કે જે વિકલાંગ લોકોને સેવાઓ પૂરી પાડતું હોય.
- લૉન્ગ ટર્મ કેર હોમ્સ ઍક્ટ, 2007 (Long-Term Care Homes Act, 2007) પ્રમાણે લાંબા ગાળાના કેર હોમ ખાતે રહેઠાણ બતાવતો દસ્તાવેજ.
- હૉસ્પિટલ કાર્ડ અથવા રેકૉર્ડ.

**જો તમારી પાસે સ્વીકાર્ય આઈડી ન હોય અને તમારું નામ મતદાર યાદીમાં ન હોય તો બેલટ મેળવવા માટે તમારા આઈડી સાથે પરત આવવાનું તમને કહેવામાં આવશે.**

# ઑક્ટોબરની મહત્ત્વની તારીખો

**10 ઑક્ટોબરથી 14 ઑક્ટોબર:** આગોતરું મતદાન સવારે 10 થી સાંજે 7 વાગ્યા સુધી

**14 ઑક્ટોબર:** આગોતરા મતદાનનો છેલ્લો દિવસ

**22 ઑક્ટોબર:** ચૂંટણીનો દિવસ સવારે 10 થી સાંજે 8 વાગ્યા સુધી

---

## સિટી ક્લર્કની ઑફિસનાં સ્થળો

સોમવારથી શુક્રવાર, સવારે 8:30 વાગ્યાથી સાંજે 4:30 વાગ્યા સુધી, નીચેનાં સ્થળો પર:

- Toronto City Hall, 100 Queen St. W., 1st Floor North
- Etobicoke Civic Centre, 399 The West Mall, Main Floor
- North York Civic Centre, 5100 Yonge St., Ground Floor
- Scarborough Civic Centre, 150 Borough Drive., 3rd Floor
- Toronto Election Services Office, 89 Northline Road

## અમારો સંપર્ક કરો

વેબ: toronto.ca/elections
ઈમેલ: elections@toronto.ca
ચૂંટણીની સેવાઓ: 416-338-1111
પ્રવેશ માટેની સગવડો: 416-338-2020
પ્રવેશ માટેનો ઈમેલ: accessibleelections@toronto.ca
TTY: 416-338-0889

@torontovotes

@torontovotes

Toronto Votes